સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૭-૧૨-૨૦૦૦

ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો :-

:::::::::::::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૬-૧૧-૨૦૦૦ ના પત્ર નં.સીમીસ/૮/૨૨ થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ, સુરત મહાનગરપાલિકાની હદમાં સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૪૫(જહાંગીરપુરા-પીસાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના, સુરત નં.૪૫ (જહાંગીરપુરા-પીસાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું, ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનું તેમજ સદર અધિસૂચનને બે સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા એક-એક વખત પ્રસિધ્ધ કરવાનું તથા ઈરાદો જાહેર કર્યા મુજબ સરકારશ્રીનાં રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

<u>ઠરાવ નં.૬૪/૨૦૦૦ સર્વાનુમતે મંજુર.</u>

સ.ર.મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,

નં. સીમીસ/ ૬ ૧ ૪ | ૩૨
તા. ૮/ ૧૨/૨૦૦૦

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા,
તા. ૮ -૧૨-૨૦૦૦.

Record No. 5536